# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

सा विद्या या विमुक्तये

સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

**માસ્ટર ઑફ જૈનિઝમ્ દ્વિતીય વર્ષ - ૨**

**નોવ્હેંબર ૨૦૧૯**

**દ્વિતીય સત્ર**

## પ્રશ્ન પત્ર

**ગુણાંક ૫૦**

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૫ ઓક્ટોબર સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના આઠમા થી દસમા અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. સર્વ સંવરની પ્રાપ્તિ ............................ વિના સંભવિત નથી.

૨. અલ્પ પણ શુભકર્મ બંધ પૂર્વકની નિર્જરા હોય તો તે ......................... નિર્જરા છે.

૩. યથાખ્યાત ચારિત્રમાં કષાયનો સર્વથા ........................... છે.

૪. જે કર્મના ઉદયથી નાભિ ઉપરના મસ્તકાદિ શુભ અવયવનોની પ્રાપ્તિ થાય છે તે .................. છે.

૫. હાથ,પગ, મસ્તક અને ડોક સુલક્ષણા હોય પરંતુ હૃદય, ઉદર હીન હોય ને શરીરાકૃતિ.............. કહેવાય છે.

૬. મધથી ખરડાયેલા તલવાર જેવું કર્મ છે ................... .

૭. અજ્ઞાનતાના કારણે જીવને તત્વ પ્રત્યે અશ્રદ્ધા થાય તે ........................ મિથ્યાત્વ છે.

૮. મોહનીયકર્મના ક્ષયથી ........................ પ્રગટ થાય છે.

૯. પુલાકનું જઘન્ય શ્રુત ...................... છે.

૧૦. સૂક્ષ્મ, અતિન્દ્રિય પદાર્થોનું દર્શન ન થવું, શાસ્ત્રોના રહસ્ય સમજમાં ન આવવા તે ............... પરિષહ છે.

૧૧. વિવિધ ભવોમાં, વિવિધ સમયે જરૂરી એવા, શરીર રચનામાં અનુકુળ તે ને પુદ્ગલોના જત્થાનો સંગ્રહ કરી આપનાર કર્મ તે ....................... છે.

૧૨. ધ્યાન વધુમાં વધુ ....................... સુધી રહે છે.

૧૩. શીખેલા શ્રુતને મુખના ઉચ્ચાર પુર્વક કંઠસ્થ અથવા પરાવર્તન કરવું તે .................... છે.

૧૪. પૂર્વ ચારિત્રનો છેદ કરી નવા ચારિત્રની સ્થાપના કે આરોપણ કરવું તે ................. કહેવાય છે.

૧૫. બીજાઓની ગેરહાજરીમાં એકાંતમાં અતિચારોનું સેવન કરવું તે ................. બકુશ છે.

૧૬. દુ:ખના કારણે થતું ધ્યાન તે .................... છે.

૧૭. દૃષ્ટિથી સૂક્ષ્મ નિરીક્ષણ કરવા પૂર્વક બેસવા, ઉઠવા દિની ક્રિયાઓ કરવી તે .................... છે.

૧૮. તેરમા ગુણસ્થાનને અંતે ...................... નામનું ત્રીજું શુકલધ્યાન હોય છે.

૧૯. સમાન જ્ઞાન, શીલ, સમાચારીવાળા તથા પરસ્પર ગોચરી પાણીનો વ્યવહાર છે તે .................. છે.

૨૦. છઠ્ઠા ગુણસ્થાનથી આગળ ......................... નો અભાવ છે.

૨૧. જે જીવની જેટલી પર્યાપ્તિ કહી છે, તેટલી પૂરી કરીને મરશે તે ................. છે.

૨૨. પ્રથમ સંયમ સ્થાનથી, બીજા સંયમ સ્થાનમાં અનંતગુણી ....................... હોય છે.

૨૩. ...................... કર્મનો ઉદય અલાભ પરિષહનું નિમિત્ત કારણ બને છે.

૨૪. અંતરમાં કોમળતા, મૃદુતા અને બાહ્ય વ્યવહારમાં નમ્રતા તે .................... છે.

૨૫. આત્માના અગુરુલઘુતા ગુણને આવરણ કરનાર ................... છે.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૨૫

૧. જઘન્ય અંતુર્મુહૂર્ત કેટલા સમયનું હોય છે ?

૨. સાધુ-સાધ્વીજી ભગવંતને વડી દીક્ષા સમયે અપાતું ચારિત્ર કયું છે ?

૩. કર્મના નામ અને સ્વભાવના કારણ કોણ છે ?

૪. તૈજસ, કાર્મણ શરીરને અંગોપાંગ કેમ નથી હોતા ?

૫. વિતર્કનો અર્થ શું થાય છે ?

૬. અધ્યાત્મિક કે આત્મિક વિકાસ શેના વિકાસને આભારી છે ?

૭. વાયુની ગતિ કેવી હોય છે ?

૮. ગુપ્તિમાં શેની પ્રધાનતા છે ?
૯. પુલાકાદિ ચાર નિગ્રંથનો જઘન્ય ઉપપાત કયા દેવલોક માં છે ?
૧૦. પરાધીનતામાં આર્ત, રૌદ્રધ્યાનથી દુ:ખો ભોગવતાં કેવી કર્મ નર્જરા થાય છે ?
૧૧. પિતાનો વંશ તે શું છે ?
૧૨. નિર્માણ નામકર્મ કોના જેવું છે ?
૧૩. આત્મા અને કર્મસ્કંધ વચ્ચેનો સંબંધ શું કહેવાય છે ?
૧૪. વ્યંજન એટલે શું ?
૧૫. પ્રદેશબંધમાટે જીવ કેવા પુદ્ગલોને ગ્રહણ કરે છે ?
૧૬. ચક્ષુદર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી જીવને શેની પ્રાપ્તિ થાય છે ?
૧૭. અંતિમ સંયમ સ્થાનને કોણ પામી શકે છે ?
૧૮. ઉપાશ્રયમાં પ્રાપ્ત થતી અનુકુળતા કે પ્રતિકુળતા શું છે ?
૧૯. આત્મિક સુખ પ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન કયું છે ?
૨૦. નરકાનુપૂર્વી ધરાવતા જીવની ગતિ કઈ હોઈ શકે ?
૨૧. ધૂળમાં પડેલી રેખા સમાન કયુ કર્મ છે ?
૨૨. જીવનમાં લાગેલા દોષો કે થયેલી ભૂલોનો ગુરુ સમક્ષ નિખાલસ ભાવે સ્વીકાર તે શું છે ?
૨૩. કષાય અને યોગને કર્મબંધના કારણ કોણ જણાવે છે ?
૨૪. આર્ત શબ્દ સંસ્કૃતના કયા શબ્દથી બનેલો છે ?
૨૫. સંઘયણ કયા કયા શરીરને હોય છે ?

**પ્રશ્ન-૩** **વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૫ થી ૧૭ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)**

૧. **ધ્યાન સર્વશ્રેષ્ઠ તપ છે –** (મોક્ષ માર્ગમાં તપનું સ્થાન, તપનું સ્વરૂપ, તપના પ્રકાર, ધ્યાન, ધ્યાનના પ્રકાર, શુભ ધ્યાનમાં સ્થાન, સમયાદિનું મહત્વ, મોક્ષ અપાવનાર ધ્યાનના આધિકારી, ધ્યાનની ભાવનાદિ)
૨. **કર્મબંધ થી (સંસાર) બંધન –** (સંસાર શું ?, કારણ શું ? , કર્મબંધના પ્રકાર, કર્મ પ્રકાર, કર્મબંધના કારણો, પ્રદેશબંધ કેવી રીતે.....)
૩. **સંયમ થી સંવર –** (યોગ, ઇન્દ્રિય, કષાય અને મન ઉપર જો સંયમ આવે તો સંવર આવે, કર્મ થી અટકે, સમિતિ, ગુપ્તિ, ભાવના, યતિધર્મ, પરિષય જય.)

એમ.જે. પાર્ટ –૧ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન-પત્ર કેવો હશે ?

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાક્યો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાક્યમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+
૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્‌ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**

સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com